# પ્રાંતિજમાં પાલિકા દ્વારા ખોદાયેલ ખાડામાં અત્યાર સુધીમાં પાંચ પડ્યા

## પાલિકા હજુ વધુ લોકો ખાડામાં પડે તેવી રાહ જોઇને બેઠું છે : કોર્પોરેટર, કારોબારી, પ્રમુખ, ચીફ ઓફિસર સુધી રજુઆત છતાં છેલ્લાં પંદર દિવસથી આજનું કાલને કાલનુ આજ થાય છે

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકા વિસ્તારમાં આવેલ નગરપાલિકાના જ શોંપીગ સેન્ટર આગળ છેલ્લા પંદર દિવસ ખોદવામા આવેલ ખાડામાં પાંચથી પણ વધારે લોકો ખાડામાં પડ્યા છે છતાં નઠોર તંત્ર ગૌર નિદ્રામાં.



પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેડ વિસ્તારમાં આવેલ આંબેડકર શોંપીગ સેન્ટર ખાતે છેલ્લાં પંદર દિવસથી મોટામસ ત્રણ ખાડા કરી મુકવામાં આવ્યા છે અને આ વિસ્તાર ભીડભાડવાળો હોવાથી રોજના હજારો લોકો અવરજવર કરે છે અને આ ખાડા મોતના ખાડા બને તેમ કહીએ તો નવાઈ નહી અને ખુલ્લાં ખાડામાં પાંચ જેટલાં લોકો પડ્યા છે. તો શોંપીગના વેપારીઓએ પણ પાલિકામાં પ્રમુખ સહિત સત્તાધીશોને છેલ્લાં ૧૫ દિવસથી રજુઆત કરવા છતાં સ્થિતિ જેસે થેની છે. તો નવાઈની વાત તો એ છેકે પાલિકા દ્વારા ખોદવામા આવેલ ખાડા પાસે પટ્ટી બોર્ડ કે કોઈ પણ જાતનું ભય કે ચેતવણી ચિહ્ન મુકવામાં આવ્યું નથી અને આજ સુધીમાં પાંચ જેટલાં લોકો આ દસ ફુટના ખાડામાં પડ્યા છે તો આજે એક બાળકી પણ એક બાળકીને ખાડોના દેખાતા સીંધી દસ ફુટના ખાડામાં પડી હતી. ત્યાંથી અવર જવર કરતાં લોકો તથા દુકાન માલિકો દ્વારા બાળકીને ખાડામાંથી બહાર કાઢી હતી. બાળકીનો આબાદ બચાવ થયો હતો પણ પાલિકા દ્વારા હજુ વધારે લોકો પડે તેવી રાહ જોવાતી હોય તેવું હાલ તો જણાઈ આવે છે. ત્યારે પાલિકામાં રજા હોવાથી આ અંગે મોબાઈલ ઉપર નગરપાલિકા ચીફ ઓફિસર વિશાલ પટેલનો સંપર્ક કરતાં તેવોએ પણ સ્વિકાર્યું હતું કે છેલ્લાં પંદર દિવસથી ખોદવામા આવેલ ખાડામાં પડવાની ઘટનાઓ બની છે પણ વર્કઓડર ના અપાતાં કોન્ટ્રાક્ટર દ્વાર કામ કરવામાં આવતું નથી પણ આજ સાંજ સુધીમાં કામ થઈ જશે તેવું જણાવ્યું હતું.



## ખેડબ્રહ્મામાં ટ્રાફીક સમસ્યા બની માથાના દુખાવા સમાન

ખેડબ્રહ્મા તાલુકા પેલેસનુ સેન્ટર હોઈ હાલમાં ચાલતી લગ્નસરાની મોસમ પુરબહાર ખીલી છે, જ્યારે આસપાસના ગામડામાથી ખરીદી કરવા માટે આવતા માનવ મહેરામણ માટે સાધન ક્યા પાર્ક કરવુ તે સમસ્યા માથાના દુખાવા સમાન બની ગઈ છે. વેપારી પોતે ઠેક રોડ સુધી માલસામાન પાથરી દેતા હોય છે ફુટપાથથી પણ વધુ દબાણ રોડ પર આવેલ છે. તંત્રની ઘોર બેદરકારી સામે આવે છે જાહેર માર્ગો પર લારીઓવાળા તેમજ શાકભાજીવાળા અને દુકાન ધરાવતા વેપારી પોતાના વાહનો આડેધડ પાર્ક કરી રહ્યા છે જેને કારણે બજારમાં છતી જગ્યાએ ટ્રાફિકના ભોગ બનવુ પડી રહ્યુ છે. વારંવાર રજૂઆત કરવા છતા પણ આ બાબતે કોઈ જ પગલા ભરવામાં આવતા નથી. તંત્ર આ બાબતે નોંધ લઈ સત્વરે યોગ્ય પગલા લે તેવી માંગ ઉઠી છે.

## બાતમીના આધારે વિદેશી દારૂ સાથે બેને પકડી પાડતી ખેડબ્રહ્મા પોલીસ

ખેડબ્રહ્મા, તા.૧૩

ખેડબ્રહ્મામાં પોલિસ શનિવાર રાત્રે બોર્ડર વિસ્તારમાં પેટ્રોલિંગ કારી રહી હતી તે દરમ્યાન બાતમી મળી હતી કે મહાદ રાજસ્થાન બાજુથી બાઈક પર બે ઈસમો દારૂ લઈ આવી રહ્યા છે જેથી પોલીસે પઢારા નદી પાસે નાકાબંધી કરી હતી તે દરમ્યાન રાત્રીના ૯ કલાકની આસપાસ રાજસ્થાન બાજુથી હોન્ડા સાઈન બાઈક ન.જી.જે. ૯.સીપી.૮૧૧૬ આવતા તેને ઉભી રાખવતા તેમની પાસેથી જુદીજુદી વિદેશી બ્રાન્ડના દારૂના ટીન મળી આવેલ જેની કિંમત રૂ.૧૭૫૦ અને બાઈક કિંમત રૂ.૨૫૦૦૦ મળી કુલ મુદ્દામાલ મળી ૨૬૭૫૦ નો માલ ઝડપી પાડી બાઈક સવાર કમલેશભાઈ ડાહ્યાભાઈ વણકર રહે. લક્ષ્મીપુરા અને પ્રકાશભાઈ નાનજીભાઈ વણકર રહે.ગાડું ને પકડી પાડી વગર પાસ પરમીટ દારૂ લાઈ જવાના ગુન્હાની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી.

## અરવલ્લી જિલ્લાના બાયડ, મોડાસા અને ભીલોડા તાલુકાના તળાવો તેમજ ચેકડેમોની મુલાકાતે પ્રભારીમંત્રી

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના ત્રણ તાલુકાના બાયડ, મોડાસા અને ભિલોડા તાલુકાના તળાવો અને ચેકડેમોની મુલાકાત લીધી હતી. બાયડ તાલુકાના ઝાંખરીયા ગામે સુજલામ સુફલામ નહેરનું નિરીક્ષણ કરીને શ્રમયોગી મજૂરોને છાશનુ વિતરણ કર્યુ હતુ. તેમજ માલપુર તાલુકાના વેરણીયા ગામના તળાવનું નિરીક્ષણ કર્યુ હતુ. મોડાસા તાલુકાના બાજકોટ ખાતે વન વિભાગ દ્વારા ચેકડેમનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું.

મંત્રીએ ચેકડેમનું ખાત મુહૂર્ત કરીને જણાવ્યું હતું કે ચેકડેમની આજુબાજુ આંબાના ઝાડ, જામફળ, ગુલાબના ઝાડ, જાંબુના ઝાડ વગેરે વૃક્ષોનું વાવેતર કરવા જણાવ્યું હતું. દધાલીયા ગામે વન તલાવડીનું નિરીક્ષણ કરીને ગ્રામજનો દ્વારા લોક ભાગીદારીથી એક એક દિવસ ગ્રામજનો ખોદકામ કરવામાં ભાગીદાર બને અને સરકારને સાથ આપવા જણાવ્યું હતું. તેમજ નરેગાના શ્રમયોગી મજૂરોને છાશનું વિતરણ કર્યુ હતુ.


ભિલોડા તાલુકાના ધંધાસણ ગામે ચેકડેમનું નિરીક્ષણ કર્યુ હતુ. મંત્રીએ જણાવ્યું હતું કે ચેકડેમની સફાઈ કરી નદીઓમાંથી કાંપ કાઢીને પાણીનો સંગ્રહ કરી શકાય, કારણ કે ચેકડેમો દ્વારા સંગ્રહ કરાવેલુ પાણી ખેતી માટે તેમજ ગ્રામજનોને પીવા માટે ખુબજ ઉપયોગી બનશે. સિંચાઈ જળ અભિયાન અંતર્ગત સરકાર એકલા હાથે કામ ન કરી શકે તે માટે ગ્રામજનોના સાથ અને સહકારથી લોક ભાગીદારી દ્વારા ચેકડેમો ઊંડા કરી સહભાગી બને તેમ જણાવ્યું હતું. વન વિભાગ દ્વારા દરેક ગ્રામ પંચાયતોના રસ્તા ઉપર વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે. જીવનમાં ત્રણ વસ્તુઓ જીવન માટે ખુબજ મહત્વની છે. ખોરાક, પાણી અને હવા આ ત્રણ વસ્તુઓ જીવન જીવવા માટે ખુબજ ઉપયોગી છે. વૃક્ષો હશે તો વરસાદ આવશે. અભાપુરા તેમજ કુંડોલ ખાતે પણ ચેકડેમનું નિરીક્ષણ કર્યુ હતુ.

# મેઘરજ બાયપાસ રોડ પર આવેલી બે સોસાયટીને તસ્કરોએ ઘમરોળી

## વ્રજ રેસીડેન્સી અને ગોકુલધામ સોસાયટીના ૬ મકાનમાં ૨ લાખથી વધુની લૂંટ ચલાવી

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર અને મોડાસા ટાઉન પોલીસને ચોર લૂંટારુ ગેંગ ચેલેન્જ પર ચેલેન્જ આપતી હોય તેમ સતત સોસાયટી વિસ્તારો અને ધંધા રોજગારના સ્થળો પર નિયમિત ત્રાટકી લૂંટ ઘરફોડ ચોરીની ઘટનાઓને અંજામ આપી રહી છે. બીજી બાજુ મોડાસા ટાઉન પોલીસ ચોપડે ક્રાઈમ રેટ ઓછો બતાવવા ચોરી લૂંટની ઘટનાઓમાં લેખિત અરજી લઈ ફરિયાદ લેવાના બદલે ફરિયાદીને ધરમધક્કા ખવડાવતી હોવાથી શહેરીજનોમાં પોલીસની નિષ્ફળ કામગીરી સામે છૂપો રોષ જોવા મળી રહ્યો છે. મોડાસાના મેઘરજ બાયપાસ રોડ પર આવેલી વ્રજ રેસીડેન્સીના ૩ મકાનો અને ગોકુલધામ સોસાયટીના ૩ મકાનોને ઘરફોડ ગેંગે નિશાન બનાવી ૨ લાખ રૂપિયાથી વધુ મત્તાની લૂંટ ચલાવી લૂંટારુઓ ફરાર થઈ જતા હાહાકાર મચ્યો હતો. મોડાસામાં ચોરી, લૂંટની ઘટનાઓમાં વધારો થતા પ્રજાજનો ભયના ઓથાર નીચે જીવી રહ્યા છે.



મોડાસા શહેરના મેઘરજ બાયપાસ રોડ પર આવેલી વ્રજ રેસીડેન્સી અને ગોકુલધામ સોસાયટીમાં રહેતા ૬ પરિવારો હાલ વેકેશન અને લગ્નસરાની સીઝન હોવાથી ઘર બંધ કરી વતન ગયા હોવાથી શનિવારે રાત્રીના સુમારે ચોર લૂંટારુ ગેંગ ત્રાટકી ૬ મકાનોને નિશાન બનાવી લાખ્ખોની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. વ્રજ રેસિડેન્સીમાં મુકેશભાઈ ડામોર (ઘર નં-૮૦) સુરેશ ડામોર (ઘર નં-૭૯) અને સહદેવભાઈ ગામેતીના ઘરના નકૂચનાં તાળા તોડી દરવાજામાં તોડફોડ કરી ત્રણે ઘરમાં રહેલા સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ સહીત અંદાજે ૨ લાખથી વધુના મુદ્દામાલની ચોરી કરી લૂંટ ચલાવી ફરાર થઈ જતા રવિવારે સવારે અન્ય સોસાયટીના રહીશોને જાણ થતા લૂંટનો ભોગ બનેલ મકાન માલિકોને જાણ કરતા મોડાસા દોડી આવી પોલીસને જાણ કરતા પોલીસ ઘટનસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી.



ગોકુલધામ સોસાયટીના રવિન્દ્ર બરંડા સહીત અન્ય ૨ બંધ મકાનોના તસ્કરોએ તાળા તોડી ઘરમાં લૂંટ ચલાવી હોવાની માહિતિ પ્રાપ્ત થઈ હતી. સદનસીબે ત્રણે બંધ મકાનમાં કિંમતી ચીજવસ્તુઓ કે રોકડ રકમ ન હોવાથી લૂંટારૂઓને ફેરો માથે પડ્યો હોય તેવી માહિતિ પ્રાપ્ત થઈ હતી. આ લખાઈ રહ્યું છે ત્યાં સુધી પોલીસ ચોપડે લૂંટ ચોરીની ફરિયાદ નોંધાઈ નહોતી.

## શામળાજી પોલીસે વેણપુર ગામ પાસેથી ટ્રક કન્ટેનરમાંથી ૫૧.૭ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

### પોલીસ નાકાબંધી જોઈ ટ્રક-કન્ટેનર ચાલક રોડ પર મૂકી ફરાર

શામળાજી, તા. ૧૩

અરવલ્લી જીલ્લાની આંતરરાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટ પરથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઘુસાડવા સતત બુટલેગરો પ્રયત્નશીલ રહેતા હોય છે. શામળાજી પોલીસે ગુજરાત રાજ્યમાં વિદેશી દારૂ ઘુસાડતો અટકાવવા સતત પેટ્રોલિંગ અને નાકાબંધી કરી બુટલેગરોના મનસૂબા પર પાણી ફેરવતા વેણપુર ગામની સીમમાંથી ટ્રક-કન્ટેનરમાં સંતાડીને લવાતો ૫૧.૭ લાખનો વિદેશી દારૂનો જથ્થો પોલીસ નાકાબંધી જોઈ રોડ પર મૂકીને ટ્રક-કન્ટેનર ચાલક ફરાર થઈ જતા શામળાજી પોલીસે વિદેશી દારૂ સહીત ટ્રક-કન્ટેનર જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



શામળાજી પોલીસે વેણપુર ગામની સીમમાં નાકાબંધી કરી રાજસ્થાન તરફથી આવતા વાહનોનું ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસે નાકાબંધી જોઈ રાજસ્થાન તરફથી વિદેશી દારૂ ભરી આવતો ટ્રક-કન્ટેનરનો ચાલક ટ્રક રોડ સાઈડ ઉભો રાખી ફરાર થઈ જતા શામળાજી પોલીસે ટ્રક-કન્ટેનર (ગાડી. નં. આરજે.૧૪.જીજે.૬૯૪૯)ની અંદર તપાસ હાથ ધરાતા ગેરકાયદેસર વગર પાસ પરમીટની વિદેશી દારૂની પેટીઓ નંગ-૯૫૧ જેમાં કુલ બોટલ-૧૩૯૩૨ કિં. રૂ. ૫૧૦૭૨૦૦ નો જથ્થો જપ્ત કરી ટ્રક-કન્ટેનર કિં. રૂ.૧૦૦૦૦૦૦ મળી કુલ રૂ. ૬૧૦૭૨૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર ટ્રક-કન્ટેનર ચાલક વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## પાલનપુરના સરીપડામાં વીજ કરંટથી ખેડૂતનું મોત

પાલનપુર તાલુકાના સરીપડા ગામે બોર ચાલુ કરવા જતાં એક ખેડૂતનું મોત નિપજ્યું હતુ. પાટણ જિલ્લાના સમી તાલુકાના મોટા જામપુરા ગામના જયંતીજી દીવાનજી ઠાકોર (ઉ.વ. ૪૫) પાલનપુર તાલુકાના સરીપડા ગામે ભાગેથી ખેતી કરતા હતા. જેઓ તા. ૩-૫-૧૮ના રોજ રાત્રે બોર ચાલુ કરવા ગયા હતા. તે સમયે વીજ કરંટ લાગતાં તેમનું કરૂણ મોત નિપજ્યું હતુ. આ અંગે ચતરાજી દીવાનજી ઠાકોરે બુધવારે ગઢ પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માતે મોતનો ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મોડાસામાં મધર્સ ડે પર બીમારીથી કણસતી મહિલાની મદદે સેવાકીય સંસ્થાઓ

### જેસીસ અને જાયન્ટ્સ ઈન્ડિયાના મેમ્બર્સની માનવતા મહેકી

મોડાસા, તા. ૧૩

વિશ્વમાં ૧૩ મે એટલે મધર્સ ડે ની ઉજવણી કરવામાં આવે છે. સોશ્યલ મીડિયામાં લોકો માતા પ્રત્યે ભાવુક મેસેજ અને ફોટો શેર કરી માતૃત્વ દિવસની ઉજવણી કરી એકબીજાને મધર્સ ડે ની શુભકામનાઓ પાઠવી રહ્યા છે. જોકે બદલાતા સમયમાં માતા-પિતાની ઉપેક્ષાની ઘટનાઓ પણ એક વરવી વાસ્તવિકતા છે અને માતાને તેમના સંતાનોને તરછોડી દીધી હોય તેવા અનેક કિસ્સાઓ બની રહ્યા છે. મોડાસા શહેરમાં સેવાકીય પ્રવૃતિઓમાં સતત અગ્રેસર રહેતી જેસીસ અને જાયન્ટ્સ ઈન્ડિયાના મેમ્બર્સે મોડાસા શહેરના રેલવે સ્ટેશન પાસે આવેલા શાસ્ત્રી મેદાનમાં છેલ્લા ૧૫ દિવસથી એક મહિલા મૃતપાય હાલતમાં કણસતી હોવાની જાણ થતા તાબડતોડ પહોંચી સ્થળ પર પ્રાથમિક સારવાર આપી ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલન્સ મારફતે સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી મધર્સ ડે ની ઉજવણી કરી કરી હતી.

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલા રેલવે સ્ટેશનના શાસ્ત્રી મેદાન સતત ક્રિકેટ રમતા યુવાનો મોર્નિંગ વોક અને વાહન હંકારતા શીખવા માટે સતત લોકોથી ધમધમતું રહે છે. આ મેદાનમાં બીમારીથી પીડાતી મહિલા ધોમધખતા તાપમાં જીવનમરણ વચ્ચે ઝોલા ખાતી હતી પરંતુ કોઈની નજર તેના પર પડી ન હોય તેમ તેની તરફ કોઈએ ધ્યાન આપ્યું ન હતું. આ અંગેની જાણ રવિવારે જેસીસ અને જાયન્ટ્સ ઈન્ડિયાના મેમ્બર્સને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી દર્દથી કણસતી અને માનવતાને ધ્રુજાવી દેનાર બીમાર મહિલાને જોતા જ ૪૩ ડિગ્રી તાપમાનમાં પણ રામ રાખે તેને કોણ ચાખે શબ્દો સરી પડ્યા હતા અને ડૉ. કૌશલ પંડ્યાએ પ્રાથમિક સારવાર આપી જાયન્ટ્સ ઈન્ડિયાના વાઈસ ચેરમેન નિલેશભાઈ જોશી, જેસીસ મિલ્ક કમિટીના ચેરમેન નવનીત પરીખ, મંત્રી મુકુંદ શાહ ‘‘આપણું મોડાસા’’ પરિવારના ભગીરથ કુમાવત અને જેનીશ ઉપાધ્યાયે ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલંસ મારફતે સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે દવાખાને ખસેડી અદ્યતન સારવાર અપાવી તમામ મેડિકલ ખર્ચ જેસીસ મિલ્ક કમિટીએ ઉઠાવી માનવતા મહેકાવી સાચા અર્થમાં ‘‘મધર્સ ડે’’ ની ઉજવણી કરી હતી.






સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ ચિત્રીણી નર્સિંગ કોલેજ દ્વારા નર્સીસ ડે ની સ્થાપના દિન નિમિત્તે સ્વચ્છતા અંગેની રેલી યોજવામાં આવી. પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ ચિત્રિણી નર્સિંગ કોલેજ દ્વારા નર્સીસ ડે સ્થાપના દિન નિમિત્તે પ્રાંતિજ ચિત્રિણી નર્સિંગ કોલેજ દ્વારા સ્વચ્છતા અંગેની રેલી યોજવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશનથી બજારચોક થઈને પ્રાંતિજ નગરપાલિકા સુધી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા હાથમાં સ્વચ્છતા અંગેના વિવિધ બેનરો સૂત્રોચ્ચાર સાથે રેલી યોજાઈ હતી. વેપારીઓ નગરજનોને સ્વચ્છતા રાખવાં જણાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ સહિત કોલેજ સ્ટાફ રેલીમાં જોડાયો હતો.